**ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૧૯/૨૦૨૬** **તા. ૨૬/૦૫/૨૦૨૬**

**વિષય:- શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિષ્યવૃતિ યોજનાના લાભાર્થી આદિજાતિ વિદ્યાર્થીઓની હેરાનગતી બાબત.**
**સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક: સ્કો/MYSY/૨૦૨૫-૨૬/૩૧૦-૪૧૮ તા. ૧૬/૦૪/૨૦૨૬**

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે, કે વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓને નિયમાનુસાર મળવાપાત્ર શિષ્યવૃતિનાં લાભની ચુકવણી ગ્રાન્ટની ઉપલબ્ધિ તથા સરકારશ્રીની નિયત પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ટેકનિકલ કારણોસર કે અન્યથા વિલંબ થવા પામે, તો શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ રદ કરવામાં આવશે અથવા પરીક્ષા આપવા દેવામાં નહિ આવે, વગેરે પ્રકારની વિદ્યાર્થીઓનાં અભ્યાસ પર નકારાત્મક અસર કરે તેવી હેરાનગતી કરવામાં આવતી હોવાની રજૂઆત **ઉચ્ચ** શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરને મળેલ છે. તથા સર્વોચ્ચ અદાલત ખાતે ક્રિમિનલ અપીલ નં.૧૪૨૫/૨૦૨૫ હેઠળ પણ તા. ૧૫/૦૧/૨૦૨૬ નાં રોજ આપવામાં આવેલ ચુકાદામાં અનિવાર્ય કારણોસર શિષ્યવૃતિના ચુકવણામાં વિલંબ થાય ત્યારે ફી નહિ ભરી શકેલ વિદ્યાર્થીને પરીક્ષા આપવાથી, વર્ગમાં હાજરી આપવાથી કે છાત્રાલયમાં નિવાસ કરવાથી રોકનાર અથવા તેઓના દસ્તાવેજો જપ્ત લેનાર શૈક્ષણિક સંથાઓ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા દિશાનિર્દેશ આપવામાં આવેલ છે. આથી આદિજાતિ વિદ્યાથીઓને કોઈપણ શૈક્ષણિક સંસ્થા દ્વારા આ પ્રકારની કોઈપણ હેરાનગતિ થતી હોવાની બાબત ધ્યાન પર આવશે, તો તેના પર તાત્કાલિક ધોરણે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**
**૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

**બિડાણ:-**

- સંદર્ભદર્શિત પત્રની નકલ

**પ્રતિ,**

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત

રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.


ક્રમાંક:સ્કો/MYSY/૨૦૨૫-૨૬/૩૯૦-૪૨૮ તા.૧૬/૪/૨૦૨૬

પ્રતિ

કુલસચિવશ્રી,

યુનિવર્સિટીઓ (તમામ),

ગુજરાત રાજ્ય.

**વિષય:** શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિષ્યવૃત્તિ યોજનાના લાભાર્થી આદિજાતિ વિદ્યાર્થીઓની હેરાનગતી બાબત.

સંદર્ભ: નિયામક, આદિજાતિ વિકાસ કચેરીના તા.૨૦/૩/૨૦૨૬ ના પત્ર ક્ર: DOTD/0365/03/2026

સાહેબશ્રી,

ઉપરોક્ત પત્રમાં જણાવ્યાનુસાર વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓને નિયમાનુસાર મળવાપાત્ર લાભની ચૂકવણી ગ્રાન્ટની ઉપલબ્ધિ તથા સરકારશ્રીની નિયત પધ્ધતિ અનુસાર કરવામાં આવે છે. આ પધ્ધતિમાં પોર્ટલના ટેકનિકલ કારણોસર કે અન્યથા વિલંબ થવા પામે, તો શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે અથવા પરીક્ષા આપવા દેવામાં નહિ આવે, વગેરે પ્રકારની તેઓના અભ્યાસ પર નકારાત્મક અસર કરે તેવી હેરાનગતી કરવામાં આવતી હોવાની રજૂઆત અત્રે મળેલ છે. સર્વોચ્ચ અદાલત ખાતે ક્રિમિનલ અપીલ નં.૧૪૨૫/૨૦૨૫ હેઠળ પણ તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં અનિવાર્ય કારણોસર શિષ્યવૃત્તિના ચૂકવણામાં વિલંબ થાય ત્યારે ફી નહિ ભરી શકેલ વિદ્યાર્થીને પરીક્ષા આપવાથી, વર્ગમાં હાજરી આપવાથી કે છાત્રાલયમાં નિવાસ કરવાથી રોકનાર અથવા તેઓના દસ્તાવેજો જપ્ત લેનાર શૈક્ષણિક સંસ્થાઓ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા દિશાનિર્દેશ આપવામાં આવેલ છે. આમ, આદિજાતિ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થા દ્વારા આ પ્રકારની કોઇ પણ હેરાનગતિ થતી હોવાની બાબત ધ્યાન પર આવશે, તો તેના પર તાત્કાલિક નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે તેમ તમામ સરકારી, અનુદાનિત તેમજ સ્વ-નિર્ભર સંસ્થાઓ/કોલેજોને જાણ કરવા વિનંતી છે.

અધિક નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી

ગુ.રા.,ગાંધીનગર

બિડાણ :-

નિયામક, આદિજાતિ વિકાસ કચેરીનો પત્ર